# ધાનેરામાં સેવાના નામે ચાલતો એમ્બુલન્સનો ગોરખ ધંધો

ધાનેરા, તા. ૭

બનાસકાંઠા જીલ્લાના ધાનેરા વિસ્તારમાં છેલ્લા કેટલાય સમયથી રાહત દરની એમ્બુલન્સ સેવાનો અભાવ જોવા મળી રહ્યો છે. ત્યારે ગરીબ લોકોએ ઈમરજન્સી વખતે પ્રાયવેટ એમ્બુલન્સમાં લુંટાવું પડે છે અને પ્રાયવેટ એમ્બુલન્સવાળા લોકોની મજબૂરીનો લાભ ઉઠાવી તગડી રકમ વસુલ કરે છે.

એક તરફ ગુજરાત સરકાર ગુજરાતમાં વિકાસની મોટી મોટી વાતો કરી રહી છે ત્યારે બનાસકાંઠા જીલ્લાના ધાનેરા વિસ્તારમાં લોકોને ઈમરજન્સી એમ્બુલન્સ સેવા માટે વલખા મારવા પડે છે. ધાનેરા વિસ્તારમાં ગમે ત્યારે કોઈ પણ પ્રકારની ઘટના બને ત્યારે ઘાયલ લોકોને તાત્કાલિક સેવા આપી ૧૦૮ દ્વારા ધાનેરાની રેફરલ હોસ્પિટલ સુધી તો પહોચાડવામાં આવે છે પરંતુ જયારે કોઈ દર્દીની હાલત ગંભીર હોય અને તેને વધુ સારવાર અર્થે આગળ મુકવાનો સમય આવે ત્યારે ધાનેરામાં રાહત દરની કે સરકારી એક પણ એમ્બુલન્સની સેવા મળતી નથી અને ગરીબ અને ભોળા દર્દીને તગડી રકમ આપી પ્રાયવેટ એમ્બુલન્સમાં લુંટાવું પડે છે. હવે જો વાત કરવામાં આવે ધાનેરા રેફરલ હોસ્પિટલની એમ્બુલન્સની તો ક્યારેક એમ્બુલન્સ હાજર ન હોય તો ક્યારેક ડ્રાયવર હાજર ન હોય અને જે ધાનેરા નગરપાલિકાની એમ્બુલન્સ છે જે પૂર વખતે પાણીમાં બગડી ગઈ હતી અને તે દિવસથી આજ દિવસ સુધી તેજ હાલત માં પડી છે જેથી ગુજરાત સરકાર જાગે અને ગરીબ અને ભોળા દદીઓને લુંટાતા બચાવે.




**પ્રાયવેટ એમ્બુલન્સનો ગોરખધંધો**

લોકોમાંથી જાણવા મળતી માહિતી અનુસાર ધાનેરામાં કેટલાક પ્રાયવેટ ડૉકટરો દ્વારા લોકોને એમ્બુલન્સ ની સેવા આપતા હોય તેવી જાહેરાત કરે છે અને વિવિધ જગ્યા પર બોર્ડ લગાવે છે કે એમ્બુલાસની જરૂર હોય તો ફોન કરો અને જયારે લોકો દ્વારા ફોન કરી એમ્બુલન્સ બોલવામાં આવે ત્યારે ગરીબ દર્દીની મજબૂરીનો લાભ ઉઠાવી બજારમાં ચાલતું હોય તેના કરતા પણ વધારે દર્દી પાસેથી ભાડું વસુલ કરે છે.

# મોડાસાના માલપુર રોડ પર ખોદેલા ખાડામાં બાઈકસવાર યુવાન ઉંધા માથે પટકાયો

મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં નગરપાલિકાતંત્ર, ભારતસંચાર નિગમ લીમીટેડ અને ખાનગી ઈન્ટરનેટની સેવા પુરી પાડતી કંપનીઓ દ્વારા માર્ગની બાજુમાં અનેક જગ્યાએ ખાડાઓ ખોદી કાઢી કામકાજ પૂર્ણ થયા પછી ખાડાઓ ના પુરાતા આ ખાડાઓ રાહદારીઓ અને વાહનચાલકો માટે ભયજનક સાબીત થાય છે. શુક્રવારે રાત્રીના સમયે માલપુર રોડની બાજુમાં ખોદાયેલા ખાડામાં અહીંથી પસાર થતા બાઈકચાલક યુવાન બાઈક સાથે ઉંધા માથે પટકાતા બાઈક સવારના શરીરે સામાન્ય ઈજાઓ પહોંચી સદનસીબે જાનહાની ટળી હતી. બાઈકસવાર ખાડામાં ખાબકતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.



મોડાસા શહેરના માલપુર રોડ પર કેનરાબેંકની બાજુમાં ફૂટપાથને અડીને નગરપાલિકાતંત્ર, બીએસએનએલ કે પછી ખાનગી ઈન્ટરનેટ સેવા પુરી પાડતી કંપની દ્વારા મહિના અગાઉ ખાડા ખોદી અંડરગ્રાઉન્ડ વાયરીંગનું કામકાજ કરાયું હતું. માલપુર રોડ પર આવેલા પાન પાર્લરના માલીકના જણાવ્યા અનુસાર જે તે તંત્ર દ્વારા અથવા ખાનગી કંપની દ્વારા ખોદાયેલા આ ભયજનક ખાડો તેમની ગરજ પુરી થયા બાદ પુરવાનું મુનાસીબ ન માનતા શુક્રવારે રાત્રે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. મોડાસાની રામપાર્ક સોસાયટીમાં રહેતો નીલેશ જવાહરલાલ રાઠી (રહે. રામપાર્ક સોસાયટી, મોડાસા) તેની બાઈક (ગાડી નં. જીજે૯-સી-૫૦૬૨) લઈને પસાર થઈ રહ્યો હતો ત્યારે તેના મિત્રએ આગળ ખાડો હોવાની બુમ પાડતા પાછળ જોવા જતા પહેલા ખાડામાં ગરકાવ થઈ ગયો હતો. બાઈક ખાડામાં અથડાતા બાઈક સવાર યુવાન બાઈક પરથી નીચે ખાબકતા લોકોના ટોળેટોળા દોડી આવ્યા હતા અને બાઈકને બહાર કાઢી હતી. બાઈકસવાર યુવાન સદનસીબે શરીરે સામાન્ય ઈજાઓ પહોંચતા જાનહાની ટળી હતી. અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ નગરપાલિકાતંત્ર દ્વારા તાત્કાલિક ખાડો પુરવામાં આવે તેવી ઉગ્ર માંગ કરી હતી. મોડાસા નગરપાલિકાતંત્રના ઈજનેર દેવાંગ સોનીને ખાડો કોના દ્વારા ખોદવામાં આવ્યો હોવાનું જાણવા ટેલીફોન કરતા ઈજનેર ફોન ઉઠાવવાની તસ્દી લીધી ન હતી. ત્યારે લોકોના મગજમાં આ ખાડો કોને ખોદ્યો અને ખાડો પુરવાની જવાબદારી કોની તે અંગે અનેક પ્રશ્નો ઉદભવ્યા હતા અને આ ખાડો કોઈનો ભોગ તો નહિ લે ને તેવી લોકો ચિંતા કરતા નજરે ચડતા હતા.

# તાજપુર કુઈ શેઠ એમ.કે. ઓરાણ ગૃપ હાઈસ્કૂલમાં તસ્કરો ત્રાટક્યા

## પાંચ ઓરડાના તાળા તોડી ૧ લાખ ૬૦ હજારની ચોરી કરી પલાયન : ફરિયાદ કરવા ગયેલ આચાર્ય સામે પીએસઓનું ઉદ્ધતાઈભર્યું વલણ, જાણ કર્યાના ચાર કલાક બાદ પોલીસ આવી

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના તાજપુર કૂઈ નેશનલ



હાઈવે આઠ ઉપર આવેલ શેઠ એમ.કે. ઓરાણ ગૃપ હાઈસ્કૂલમાં રાત્રીના સમયે તસ્કરો પાંચ રૂમના તાળા તોડી ૧ લાખ ૬૦ હજાર મત્તાની ચોરી કરી પલાયન થતાં શાળાના આચાર્ય દ્વારા પોલીસ ફરિયાદ કરવામાં આવી છે.

અમદાવા-હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પ્રાંતિજ તાલુકાના તાજપુર કુઈ ઉપર આવેલ શેઠ મણિલાલ કાલીદાસ ઓરણ ગૃપ હાઈસ્કૂલમાં ગઈરાત્રીએ અજાણ્યા તસ્કરો દ્વારા હાઈસ્કૂલમાં પ્રવેશ કરી હાઈસ્કૂલમાં આવેલા પાંચ ઓરડાના તાળા તોડી અંદર પ્રવેશ કરી અંદર રહેલી તીજોરીના તાળા તોડી તિજોરીની અંદર રહેલ સર સામાન વેર વિખેર કરી ઓફિસ ટેબલના ખાના તોડી નાખ્યા હતા. જ્યારે કોમ્પ્યુટર રૂમમાં જઈને ૪૨ ઈંચની એલઈડી જેની કિંમત રૂ. ૭૦ હજાર, પ્રોજેક્ટર ૪૫ હજાર, કોમ્પ્યુટર મોનિટર સાથે નંગ-૨ ૪૦ હજાર અને સ્પોર્ટસ રૂમમાં જઈને ૫ હજારના રમતગમતના સાધનો મળી કુલ ૧ લાખ ૬૦ હજારની મત્તાની ચોરી કરી તસ્કરો પલાયન થયા હતા. જ્યારે સવારે આચાર્ય શાળામાં આવતા ઓફિસ સહિત અન્ય ચાર રૂમના તાળા તુટેલા જોતા આચાર્ય ડૉ. કે.એન. રાઠોડ દ્વારા સ્ટાફ તથા પ્રાંતિજ પોલીસને જાણ કરી હતી.

જ્યારે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ લેવા બેઠેલા પી.એસ.ઓ. દ્વારા ખાખી વર્દીનો રોફ જમાવતા હમણા કોઈ આવે તેમ નથી તમારે જ્યાં ફરીયાદ કરાવી હોય તે



જગ્યાએ કરો, જિલ્લામાં કરો કે દિલ્હી કરો અમને કોઈ ફેર પડતો નથી અને સવારના આઠની જાણ કર્યા છતાં પોલીસ ૧૧ વાગે સ્થળ ઉપર આવી હતી. ત્યારે પોલીસ જ આ રીતે ફરીયાદી તથા પ્રજા સાથે ઉદ્ધત વર્તન કરશે તો શુ પ્રજા ફરીયાદ કોની જોડે ફરીયાદ લઈને જશે ત્યારે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં તંત્ર દ્વારા પ્રજાની ફરીયાદ માટે બેસાડેલા પી.એસ.ઓ. ઠંડા મગજના પી.એસ.ઓ.ની ભરતી કરવામાં આવે તેવું પંથકના લોકોનું કહેવું છે.

# મોયદમાં જૂથ યોજનાના પાણીનો બગાડ બીનજરૂરી સંપ પણ નજરે પડે છે

## વાલ્વનું સમારકામ કરવાનો સમય તંત્ર પાસે નથી, દૂષિત પાણીથી રોગચાળાનો ભય

સલાલ, તા. ૭

પ્રાંતિજ તાલુકાના મોયદ ગામે પીવાના પાણી માટે જુથ યોજનાની પાઈપલાઈન દ્વારા પુરૂ પાડવામાં આવે છે. પરંતુ મોયદવાસ પાસેથી પસાર થતી પાઈપલાઈનમાં વાલ્વ મુકવામાં આવ્યો છે. જેમાંથી ઘણા સમયથી પાણીનો વ્યય થાય છે અને જ્યાં સંપ પણ બનાવવામાં આવ્યો છે. જે બીન ઉપયોગી છે. જ્યાં પાણીનો ભરાવો થવાથી પાણીમાં પશુઓ તેમજ કૂતરાઓ બેસી રહે છે અને ગંદકી થાય છે. જે ગંદકી પીવાની પાઈપ લાઈનમાં ભરાઈ જવાથી લોકોમાં રોગચાળો થવાનો ભય ફેલાઈ રહ્યો છે.

આ બાબતે તલોદ ખાતે આવેલ જૂથ યોજના પાણી પુરવઠા કચેરીમાં અનેકવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા વાલ્વનું સમારકામ હાથ ધરવામાં આવતુ ન હોવાથી જનતા પણ તંત્ર ઉપર રોષે ભરાઈ છે. મોયદ વાસ નાથાજી ગ્રામ પંચાયતના સરપંચ સુરેશસિંહ રાઠોડે તંત્ર ઉપર રોષ ઠાલવતા જણાવ્યું હતું કે જૂથ યોજનાની પાઈપલાઈનમાં મુકેલો વાલ્વમાંથી પાણીના વ્યય થવાથી પાણીનો ભરાવો થવાથી ગંદકી ફેલાય છે. જે લોકોના ઘેર સુધી પહોંચી જનતાના પેટમાં પહોંચી વિવિધ પ્રકારના રોગ થવાની શક્યતા દેખાઈ રહી છે. વાલ્વના સમારકામ માટે તલોદ કચેરીના કર્મચારીઓને ઘણી રજૂઆત કરવા છતાં સમારકામ હાથ ધરવામાં નથી આવ્યુ. તંત્રને કામ કરવામાં આળસ હોય તેવું લાગી રહ્યું છે.



**ધાનેરા નગરપાલિકા દ્વારા સ્ટેટ લાઈટ પર લાગેલા પોસ્ટર દૂર કરાયા**

ધાનેરા સહીત સમગ્ર બનાસકાંઠા જીલ્લામાં વેપારીઓ દ્વારા ગમે તે જગ્યા ઉપર પોતાના ધંધાની જાહેરાતવાળા મોટા મોટા હોર્ડીંગ્સ અને પોસ્ટર લગાવતા હોય છે ત્યારે આજે બનાસકાંઠાના ધાનેરાનગર પાલિકા દ્વારા આવા પોસ્ટર લગાવતા વેપારીઓ સામે લાલ આંખ કરી હતી અને ધાનેરામાં જાહેરમાં લગાવેલા પોસ્ટરો દુર કર્યા હતા તો બીજી તરફ ધાનેરા શહેરની તમામ સ્ટેટ લાઈટ પોસ્ટરોથી ઉભરાતી જોવા મળતી હતી હા ત્યારે આજે પાલિકા દ્વારા સ્ટેટ લાઈટ પર લાગેલા તમામ પોસ્ટરો દુર કરાયા હતા.

# બનાસકાંઠા જીલ્લા પંચાયતની સભા તોફાની બની

પાલનપુર, તા. ૭

ભાજપ શાસિત બનાસકાંઠા જીલ્લા પંચાયતની એક સીટની પેટા ચૂંટણી યોજાઈ હતી. જેમાં કોગ્રેસનો વિજય થતા જીલ્લા પંચાયતમાં ભાજપ અને કોગ્રેસનું સંખ્યાબળ સરખું થઈ ગયું છે. ત્યારે આજે યોજાયેલી ખાસ સાધારણ સભામાં કોંગ્રેસે ભારે હોબાળો મચાવતા સભા તોફાની બની હતી. દરમિયાન શાસક પક્ષ ભાજપે મચાવ્યો હતો. ખાસ સભા મુલતવી રાખવાની માંગ સાથે વિપક્ષ કોંગ્રેસે માટે પોલીસને ભારે જહેમત ઉઠાવી પડી હતી. કોંગ્રેસના સભાત્યાગ



બહુમતીના જોરે કમિટીઓ હસ્તગત કરી હતી.

ભાજપ શાસિત બનાસકાંઠા જીલ્લા પંચાયતમાં શાસક પક્ષ ભાજપ અને વિપક્ષ કોગ્રેસનું સંખ્યાબળ સરખું થઈ ગયું છે. ત્યારે આજે મળેલી ખાસ સાધારણ સભામાં વિપક્ષ કોગ્રેસે શાસક પક્ષ ને ભીંસમાં લેવા માટે ભારે દેકારો ડીડીઓનો ઘેરાવ કર્યો હતો. બાદમાં સભામાં ધસી આવીને ઉગ્ર સુત્રોચાર વચ્ચે કોંગ્રેસી સભ્યોએ ભારે ધાંધલ ધમાલ મચાવી હતી. દરમિયાન વિપક્ષના શોરબકોર વચ્ચે ભાજપે વિવિધ કમિટીઓની બહુમતીથી રચના કરી દીધી હતી.

જોકે, ખાસ સભામાં તોફાને ચડેલા કોંગ્રેસી સભ્યોને કાબુ કરવા બાદ શાસક પક્ષે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે સભા સંપન્ન કરી હતી. વિપક્ષ કોંગ્રેસે શાસક પક્ષના મનસ્વી વલણને લોકશાહીના ખૂન સમું ગણાવ્યું હતું જોકે, જીલ્લા પંચાયતમાં સંખ્યાબળ સરખું થઈ જતા ભાજપ કોંગ્રેસના વચ્ચેનું રાજકારણ હવે આયેદિ ગરમાતું રહેશે તેવા એંધાણ વર્તાઈ રહ્યાં છે.

# પુત્રની જુબાનીના આધારે હત્યારા પતિને ૨૦ વર્ષની કેદની સજા અને ૧૦૦૦ હજાર રૂપિયાનો દંડ

બનાસકાંઠા જીલ્લાના પાંથાવાડા ગામે પતિએ મોડી રાત્રે પત્નીને છાતીના ભાગમાં છરાના ઘા મારીહત્યા કરીહતી જેબાબતે ડીસાની કોર્ટે મૃતકના પુત્રની જુબાનીના આધારે હત્યારા પતિને ૨૦ વર્ષની કેદની સજા અને ૧૦૦૦ હજાર રૂપિયાનો દંડ ફટકારતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. પાંથાવાડા ગામે રહેતા કેવાભાઈ આહાજી ડાભી સાથે લગ્ન કર્યા હતા પરંતુ આ યુવક દ્વારા ટીનાને વારંવાર મારઝુડ કરવામાં આવતી હતી જેથી ટીના તેના મમ્મી-પપ્પા પાસે અમદાવાદ જતી રહી હતી. આ બંને વચ્ચે સમાધાન થતા ટીનાના પિયરવાળા ટીનાને પાંથાવાડા મૂકી ગયા હતા ત્યારે તેના પતિ દ્વારા તેને મોડી રાત્રે છાતીના ભાગે છરો મારી હત્યા કરી પતિ ત્યાંથી રાત્રેજ નાસી છૂટ્યો હતો અને કેવાભાઈ દ્વારા તેના સાઢુંને ફોન કરી જણાવેલ કે મેં તમારી સાળીની હત્યા કરી નાખી છે. યુવકના સાઢુંએ મહિલાના જેઠને ફોન કરી સમગ્ર ઘટનાની વાત કરતા સવારે મહિલાના જેઠ ઘરમાં જઈને જોયું તો મહિલા લોહી લુહાણ હાલતમાં પડી હતી.

# થરાદના ખેંગારપુરા ગામ પાસે ટ્રક પલટી ખાતા ૨ ના મોત, ૪ ગંભીર

પાલનપુર, તા. ૭

ગત મોડી રાત્રે થરાદના ખેંગારપુરા ગામ પાસે ટ્રક પલટી ખાતા ૨ લોકો ટ્રક નીચે દટાઈ જતા ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જયારે અન્ય ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થતા તેમને સારવાર અર્થે તરાદની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જાણવા મળતી માહિતી અનુસાર ગત મોડી રાત્રે લોખંડનો સમાન ભરીને ટ્રક જઈ રહી હતી તે સમયે થરાદ તાલુકાના ખેંગારપુરા ગામ પાસે ટ્રકના ડ્રાયવર દ્વારા ગાડી ન્યુટલ કરતા ગાડી બે કાબુ બની ગઈ હતી અને ગાડી પલટી ખાઈ જતા ગાડીમાં બેઠેલા જેરુપભાઈ ખેતાભાઈ પટેલ અને મોતીભાઈ લાધાભાઈ પટેલનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. અડધો કલાકની મહા મહેનત બાદ મૃતકનો મૃતદેહને જે.સી.બી દ્વારા ટ્રક નીચેથી બહાર કાઢી પી.એમ અર્થે થરાદની રેફરલ હોસ્પિટલમાં ખસેડી હતી જયારે જોરાભાઈ ખેતાભાઈ પટેલ, વોહ્તાભાઈ પદ્માભાઈ પટેલ, લાધાભાઈ પદ્માભાઈ પટેલ અને મગનભાઈ



લાધાભાઈ પટેલને ગંભીર ઈજા થતા ૧૦૮ દ્વારા સારવાર અર્થે થરાદની ગઢવી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બે લોકોના કમકમાટીભર્યા મોતના પગલે સમગ્ર પંથકમાં શોકની લાગણી જોવા મળી હતી.

# પ્રાંતિજના જેસંગપુરા પાટીયા પાસે કાર અકસ્માત

## કારમાં સવાર મહિલાનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત : ત્રણ બાળકોની ઈજા ગંભીર ગણાતા હિંમતનગર ખસેડાયા

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર હિંમતનગર તરફથી આવતી કાર અચાનક ડિવાઈડર સાથે ટકરાઈને પલ્ટી ખાતા કારમાં સવાર એક મહિલાનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. જ્યારે કારમાં સવાર અન્ય ત્રણ બાળકોને ઈજાઓ થતાં પહેલા પ્રાંતિજ અને વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના જેસંગપુરા પાટીયા પાસે ઈડરના વતની મોહંમદ હનીફ સીદીકભાઈ મેમણ ઉં.વ. ૫૮ કે જેવો પોતાની કાર નંબર જીજે૧એચડી-૯૬૬માં પોતાની પત્નિ અને તેમના પૌત્રોની સાથે ઈડરથી અમદાવાદ તરફ જઈ રહેલ હતા તે સમયે પ્રાંતિજના જેસંગપુરા પાટીયા પાસે અચાનક કાર ફગી જતા ડીવાઈડર સાથે ટકરાઈને સામેની સાઈડે બે-ત્રણ પલ્ટી ખાઈ



જતા કારમાં સવાર તેમના પત્નિ મહેરૂનીસાબેન ઉં.વ. ૫૬નું માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે મોત થયું હતું. જ્યારે કારમાં સવાર અન્ય ત્રણ બાળકોને પણ શરીરે વત્તા ઓછી ઈજાઓ થઈ હતી. જ્યારે ૧૦૮ને સમાચાર મળતા તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને ઈજાઓ થયેલ સમદ મોટો, વસીમ મેમણ ઉં.વ. ૬, મહસુદ મો. રફીક મેમણ ઉં.વ. ૮ અને અફવાતમોહજાક ઉં.વ. ૭ ત્રણેયને ૧૦૮માં પહેલા પ્રાંતિજ પી.એસ.સી. ખાતે લાવવામાં આવ્યા હતા અને ત્યાંથી વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે અકસ્માત અંગેની જાણ પ્રાંતિજ પોલીસને થતાં તાત્કાલિક ઘટનાસ્થળે જઈને ટ્રાફિક હળવો કર્યો હતો અને મૃતકને પી.એમ. અર્થે પ્રાંતિજ પી.એસ.સી. ખાતે ખસેડવામાં આવ્યા હતા અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.